# 7. કામ કરે ઈ જીતે

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :

**1) આપણો દેશ આપણી પાસે શું માંગી રહ્યો છે ?**

(A) સહિયારી મહેનતનું બળ

(B) મહેનત વગરનું જીવન

(C) માત્ર ઊંચું ભણેલા લોકો

(D) માત્ર કાગળ ઉપરનું કાર્ય

**2) આ દેશને કઈ રીતે બદલી શકાય ?**

(A) નદીઓનાં નીરને બાંધીને

(B) ખેતરોમાં મબલક પાકનું ઉત્પાદન કરીને

(C) નદીઓનાં નીરને વહેતાં કરીને

(D) ઉપરના (A)અને (B)બંને રીતે

**3) દુનિયાને કઈ રીતે બદલી શકાય ?**

(A) ખૂબ જ મહેનત કરીને

(B) કામ કર્યા વગર

(C) આરામ કરીને

(D) છાપાંને ભીંત ઉપર ચોંટાડીને

**4) ‘કામ કરે ઈ જીતે’ કાવ્યમાં...**

(A) આળસનું મહત્ત્વ પ્રગટ થાય છે.

(B) પરિશ્રમનું મહત્ત્વ પ્રગટ થાય છે.

(C) ખાસ કશું જાણવા મળતું નથી.

(D) ઊંચું ભણેલા લોકોનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) 'કામ કરે ઈ જીતે' કાવ્યમાં વ્યક્ત થતું મહેનતનું મહત્ત્વ તમારા શબ્દોમાં લખો.

- 'કામ કરે ઈ જીતે' એ માનવીય પરિશ્રમનું ગૌરવ કરતું ગીત-કાવ્ય છે. ભારત વિશાળ દેશ છે. આટલા મોટા દેશને બદલાવો હોય તો આપણે સૌએ સાથે મળીને મહેનત કરવી પડશે. ભારત કૃષિપ્રધાન દેશ છે. આથી સૌપ્રથમ ખેતર ખેડીને સીમને સોહામણી કરવાની છે, મબલખ પાક ઉત્પાદિત કરવાનો છે. નદીઓ પર બંધ બાંધીને વીજળી પેદા કરવાની છે તેમજ નદીઓને જોડીને એનાં નીર ભારતના દરેક ખૂણે પહોંચાડવાનાં છે. એટલે જ ભારતદેશ એમની પ્રજા પાસે સામુહિક મહેનતની અપેક્ષા રાખે છે. હાથમાં ત્રિકમ અને કોદાળી લઈ જરૂરી ખેડાણ કરવાનું છે અને ઘરઘરમાં રેંટિયો ચલાવવાના છે. પ્રજાના હૈયામાં ખમીર હશે તો તેઓ પોતાના બાવડાના બળે માત્ર ભારતદેશની જ નહિ, સમગ્ર વિશ્વની સિકલ બદલી શકશે. દરેક વ્યક્તિએ મહેનત કરવાની સાથે હૈયાનું ખમીર જાળવી રાખી સ્વનિર્ભરતા અને સ્વમાનની રખેવાળી કરવાની છે. જે મહેનત કરે છે તે જ જીતે છે અને તેની મહેનતનો જ જયજયકાર થાય છે.

### 2) મુદાસર નોંધ લખો: 'કામ કરે ઈ જીતે' કાવ્યને આધારે શ્રમજીવીની અભિલાષા

- શ્રમજીવી આત્મનિર્ભર બનવા ઇચ્છે છે. એને સ્વમાનથી જીવવું છે. પોતાના બાવડાના બળે મહેનત કરીને તેને ભારતદેશના વિકાસમાં પોતાનું પ્રદાન કરવું છે. તેના હૈયામાં ખમીર છે. તેની પાસે શારીરિક શક્તિ છે. શ્રમજીવીની એક જ અભિલાષા છે કે તેને કોઈની સામે ક્યારેય હાથ લંબાવવો ન પડે. તેને મહેનત કરીને આપકમાઈથી જીવવું છે. સૌ સાથે મળીને મહેનત કરે તો વ્યક્તિ પોતે આત્મનિર્ભર થશે અને તેથી દેશનો અને વિશ્વનો પણ વિકાસ થશે.

## 3. પંક્તિ સમજાવો:

'કામ કરે ઈ જીતે
આવડો મોટો મલક આપણો
બદલે બીજી કઈ રીતે?'

- જેને સ્વનિર્ભર રહેવું હોય અને સ્વમાન સાથે જીવવું હોય તેણે મહેનત કરવી જોઈએ. ભારત વિશાળ દેશ છે. ભારતદેશની દિશા બદલવી હોય, એનો આર્થિક વિકાસ કરવો હોય, તો સૌએ શ્રમ કરીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું જોઈએ, કેમ કે જે કામ કરે છે તેની જીત થાય છે. આમ, આ પંક્તિઓમાં કવિએ શ્રમની પવિત્રતા પ્રગટ કરી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in